# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૨૨ • સળંગ અંક : ૧૨૫ • તા.૩૧ ઓક્ટોબર થી ૦૬ નવેમ્બર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ભારતની MSME ની યાદીમાં એચ.ડી. ફાયર પ્રોટેક્ટ પ્રા.લિ. પાંચમાં સ્થાને


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સુખી માણસ બીજાના સુખનો વિચાર કરે

ધર્મનો બોધ છે કે બીજાનું સારૂં કરો તો તમારૂં સારૂં થાય. માત્ર ધન, પદ, પ્રતિષ્ઠાથી માણસ મહાન બનતો નથી. માનવીના કર્મ, સારા વિચાર અને સારી ભાવના એને ઉચ્ચ ભાવ પર પહોંચાડે છે. આ જગમાં એ જ માણસ મોટો છે જે બીજાના સુખનું વિચારે છે. પોતાના સુખનો જોનાર સ્વાર્થી છે પણ, અન્ય જરૂરત વાળાના સુખની કાળજી રાખનાર પરમાર્થી છે. નિસ્વાર્થી ભાવ અને ત્યાગ વગર મોટાઈ મેળવી શકાતી નથી. કોઈ પણ વ્યક્તિ આપ મેળે મોટો થઈ જતો નથી. કુટુંબ અને સમાજના સહકાર અને નાના માણસોના ટેકા વડે પ્રગતિ સાધી આગળ વધતાં જઈ મોટો બને છે. તેને શિખર પહોંચાડવા પાછળ જે વ્યક્તિઓ જહેમત ઉઠાવી છે. તેના ગુણ, ઉપકાર ભૂલી જવા ન જોઈએ. બીજાને સહારે ઉપર આવનાર જ્યારે અવગુણી થઈ તેને ટેકો આપનારને ભૂલી જાય છે. ત્યારે તેની મોટાઈ ખોટાઈ બની જાય છે. આ દ્રોહ છે. વિશ્વાસ હનન છે. પરિવારજનો, મિત્રો અને સમાજની સારી વ્યક્તિઓનું ઋણ માથે લેનારએ કોઈ પણ રીતે એ કરજ ઉતારી હળવું થવું જોઈએ. દાન, સેવા કે સમર્પણ અથવા સહાય કરીને સહયોગ માર્ગદર્શન દ્વારા ભલું કરવું એ જ સાચું માનવ ધર્મ છે.

માણસ સંઘર્ષ કરીને સફળતા પામે છે. શરૂઆત કાળ માં માંડ માંડ નાનકડી મૂડી જમા થાય એ માટે ઘણો ભોગ આપવો પડે છે, ઘણી કઠોર મહેનત, રાત-દિવસ એક કર્યા બાદ જે પૂંજી એકઠી થાય એનું રોકાણ બુદ્ધિ વાપરીને કરાય તો તે જમીનમાં વાવેલા બીજનું જે કાર્ય હોય એ કરે છે અને ખણખણતા નાણાં જમા થાય છે. ''પૈસાના ઝાડ નથી ઉગતાં'' એ કથન એ રીતે સાચું છે. થોડી ઘણી મૂડી જમા થઈ હોય તેને જતનથી જાળવી હોય તો સમયાંતરે મોટો ભંડોળ સર્જી દે છે નહિં તો એ જમા પૂંજી પાણીની જેમ હાથમાંથી સરી જઈ નજર સામેથી નિસરી જાય છે.

માનવીની ઉણપો અને ક્ષતિઓ ધનના ઢગલા નીચે ઢંકાઈ જાય છે. નાણાંવાળો સમર્થ ગણાય ભલે પણ તેના દોષ ઝટ નજરે આવી જાય છે. ધન એ જીવનની જરૂરિયાત છે. ભલે સાચી વાત છે પણ એ કંઈ સર્વે સર્વ નથી. તમામ સુખોને સાચાં સંબંધો પૈસાથી મળતાં નથી. દરેક વસ્તુની મર્યાદા હોય છે. તેમ જ્ઞાન, શક્તિ, સમજ અને ઉદારતા હોવા જરૂરી છે. નમ્રતાનો ગુણ એનામાં ન હોય તો તેની કિંમત કોડીની હોય છે. પૈસાથી સર્વે સાધનો, સગવડ મળે છે. પણ સુખ મળતું નથી. સાચો સંબંધ મળતો નથી.

સફળ જીવનનો હાર્દ સુખી થવામાં ને અન્યને સુખી કરવામાં નિમિત બનવામાં છે. જીવનમાં કશું પણ આપ્યા વગર મેળવી શકાતું નથી. જે જેવું વાવે છે તેવું તે લણે છે. જ્ઞાતિ, સમાજ પાસેથી કે સગા સંબંધીઓ પાસેથી જે આપણે મેળવ્યું છે. તે યથાશક્તિ પરત કરવું એ આપણો સંનિષ્ઠ પ્રયાસ હોવો જોઈએ. સફળતા મળે ત્યારે અભિમાન ન હોવું જોઈએ. અહંકાર એ પતનનો પાયો બને છે. જે સીડી આપણને ઉપર લઈ જાય છે તે નીચે પણ ઉતારી શકે છે. એ જ્ઞાન ગાંઠે બાંધી લેવું જોઈએ. જેવું કરીશું તેવું પામીશું એ ભાવ સમજી લઈ સુખી થયા પછી અન્યને કેમ સુખી કરી શકાય એવા ભાવ ધરાવી એ તો સમાજ જલદી ઉન્નત થાય.

– જય જ્ઞાતિમૈયા

# વૃધ્ધત્વ અવસ્થા આનંદ માણવાનો અવસર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવન આયુષ્યની ત્રણ મોસમ હોય છે. બાળ પણ, યુવાની અને વૃધ્ધાવસ્થા. આ ત્રણે કુતુહલતા, સાહસ અને અનુભવનું સ્વામિત્વ દર્શાવે છે. જેમ બાલ્યવસ્થા ડગુમગુ પગે ચાલીને પગભર થવાની અવસ્થા છે. તો વૃધ્ધાવસ્થા ધીરે ધીરે બાલ્યવસ્થા જેવી પરિસ્થિતિ ભણી જવાની પ્રક્રિયા છે. અઠાવન સાંઈઠ કે પાંસઠ વર્ષ એ વળતા પ્રવાહનો સીમા ચિન્હ છે. આ ઉંમરથી અપેક્ષા ઘટાડી, અન્યને આધારીત રહી શકાય એવી પરિસ્થિતિ નિવારી આપણને અનુકુળ આવે એ રીતે જીવન રીતિ સ્વીકારી જોઈએ. ક્રોધ, આવેશ, અધીરતાનું શમન કરી વાસ્તવિકતા ગ્રહણ કરવી જોઈએ.

નવરો માણસ શેતાનનું ઘર. એ હકીકત ખરી કરતાં હોય એમ ઘરના વડીલો વાતે વાતે પોતાનું ડહાપણ ન ડોળવું જોઈએ. આજના સંતાનો આજ્ઞાંકિત હોય તો પણ પોતાના વિચારમાં કોઈની દખલગીરી સ્વીકારતાં નથી. માટે તેમનો સંસાર છે, વ્યવહાર છે એમ સમજી પોતાની જાતને અળગી રાખવી અને માત્ર સલાહ સૂચન આપવાનું સામેથી કહેવાય ત્યારે જ પોતાના અનુભવ અને સમજ હોય એ રીતે તેમનું માર્ગદર્શન કરવું જોઈએ.

વૃધ્ધાવસ્થાને ઉતારતી એક ઉક્તિ છે, 'સાઠે બુધ્ધિ નાઠે.' આ માત્ર કથની છે. અનુભવ, કે હકીકત નથી. આ ઉંમરે પહોંચેલ વ્યક્તિ જ્ઞાન તેમજ અનુભવના ટોચે હોય છે. આમ જોઈએ તો તે ખરી રીતે વયોવૃધ્ધની સાથે જ્ઞાનવૃધ્ધ હોય છે. જેનો પરિવારવાળાએ લાભ લેવો જોઈએ. પરિવારમાં એક જોષી, એક ડોશી અને એક ડોક્ટર હોવો જોઈએ. આમ અનુભવવાળી વ્યક્તિ પરિવારમાં જરૂરી છે એ પ્રતિપાદન કરે છે.

વડીલો આર્થિક શારીરિક અને માનસિક રીતે આત્મનિર્ભર હોય એ આ અવસ્થામાં જરૂરી છે. જેની કાળજી ઉતરાવસ્થા પહેલાથી જ કરી લેવી જોઈએ. આમ આનંદ અને પ્રફુલ્લિત રીતે આયુષ્યને પસાર કરી. બિમારીને પણ શક્ય તેટલું લાંબે રાખી શકાય છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ ઉદ્યોગપતિ હરીશ ધરમશીએ ભારતના ટોપ ફાઈવ MSME ઉદ્યોગોની યાદીમાં સ્થાન પામી કેડીઓ જ્ઞાતિને ગૌરવ અપાવ્યું




તાજેતરમાં ઇકોનોમિક ટાઈમ્સ દ્વારા કરાયેલા એક સર્વે અનુસાર ભારતના શ્રેષ્ઠ માઈક્રો, સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) એટલે કે સુક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોની યાદી બહાર પાડવામાં આવી જેમાં સમસ્ત ભારતભરમાં રજીસ્ટર્ડ થયેલા ૬૫ લાખથી પણ વધુ એમએસએમઈમાંથી મુલુંડવાસી ઉદ્યોગપતિ અને દેશની પ્રતિષ્ઠિત એચડી ફાયરપ્રોટેક્ટ પ્રા.લિ. કંપનીના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર હરીશ ધરમશીએ ટોપ ફાઈવમાં સ્થાન મેળવી મુલુંડ ઉપનગરને (કેડીઓ જ્ઞાતિને) ગૌરવ અપાવ્યું છે. ઇકોનોમિક્સ ટાઈમ્સ દ્વારા કરાયેલા આ સર્વેમાં દેશભરની એમએસએમએ કંપનીઓને તેમના ટર્ન ઓવર, નફાકારકતા (પ્રોફિટેબિલિટી), ઉત્પાદનની વિવિધતા (પ્રોડક્ટ રેન્જ), નિકાસ ક્ષેત્રે કામગીરી (એક્સપોર્ટ પરફોર્મન્સ), કંપનીઓ અંગેના સરકારી નિયમોનું પાલન (કોર્પોરેટ ગવર્નન્સ કોમ્પ્લાયન્સ), ફાયનાન્સિયલ પરફોર્મન્સ અને વિકાસ દર (ગ્રોથ રેટ) જેવા માપદંડો અનુસાર ક્રમાંક (રેટિંગ) આપવામાં આવે છે.

હરીશ ધરમશીએ સ્થાપેલી એચડી ફાયર પ્રોટેક્ટ કંપની આગ બુઝાવવાના સાધનો બનાવતી દેશની ટોચની કંપનીઓમાં એક છે. આ પ્રકારના ઉત્પાદનો અત્યંત

## એચડી ફાયરપ્રોટેક્ટ કંપનીની સિધ્ધિઓ

**સંશોધન દ્વારા વિકસાવેલી સ્વદેશી ટેકનોલોજી**
**૬૦૦૦થી વધુ કંપનીઓ સાથે સંકળાયેલા**
**કંપનીના ઉત્પાદનો ૨૦,૦૦૦થી વધુ સાઈટ્સ પર કાર્યરત**
**વિશ્વભરના ૭૩ દેશોમાં નિકાસ**
**૨૦૦થી વધુ પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી**








# કેડીઓ ઉદ્યોગપતિ હરીશ ધરમશીએ ભારતના ટોપ ફાઈવ MSME ઉદ્યોગોની યાદીમાં સ્થાન પામી કેડીઓ જ્ઞાતિને ગૌરવ અપાવ્યું



ANIK DHARAMSHI,
DIRECTOR



MIHEER GHOTIKAR,
DIRECTOR





ઈમર્જન્સીની પરિસ્થિતિમાં વપરાતા હોવાથી તેમની ડિઝાઈનિંગ એ રીતે થવું જોઈએ કે તેમનો વપરાશ કરતી વખતે કોઈ પ્રોબ્લેમ ન આવે. સતત સંશોધન વડે પાણી, ફીણ (ફોમ) અને ગેસ આધારિત ફાયર ફાઈટિંગ ઉત્પાદનોનું ડિઝાઈનિંગ, ડેવલપમેન્ટ અને મેન્યુફેક્ચરિંગ કરવામાં હરીશભાઈ અને તેમની એચડી ફાયર પ્રોટેક્ટ ટીમની માસ્ટરી છે. જેને લીધે હરીશભાઈએ ૧૯૯૦માં નાના પાયે શરૂ કરેલી આ કંપની આજે ત્રણ દાયકાના અનુભવ પછી ફાયર ફાઈટિંગ ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાં સ્થાન પામી છે અને સમગ્ર ભારત ઉપરાંત વિશ્વના ૭૩ દેશોમાં તેના ઉત્પાદનો સપ્લાય કરે છે.

કંપની બે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ધરાવે છે એક જલગાંવમાં અને બીજો થાણામાં. ગુણવત્તા અને સુરક્ષાની દષ્ટિએ કંપનીના બંને મેન્યુફેક્ચરિંગ યુનિટ આઈએસઓ ૯૦૦૧, આઇએસઓ ૧૪૦૦૧ અને આઇએસો ૪૫૦૦૧ સર્ટિફાઈડ છે. આ ઉપરાંત કંપનીને યુએલ, એફએમ, બીઆઈએસ, સીઈ જેવા સર્ટિફિકેશન પ્રાપ્ત થયા છે તેમ જ અનેક દેશોના સિવિલ ડિફેન્સ અને ગવર્મેન્ટ ઓથોરિટીઝ દ્વારા માન્યતા પ્રાપ્ત કરી છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રોપર્ટી અને લોકોની જિંદગી બચાવવા ઉપરાંત એચડી ફાયરપ્રોટેક્ટના ૨૦૦થી વધુ ઉત્પાદનોનો કમર્શિયલ કોમ્પ્લેક્સ, વેરહાઉસિંગ ઈન્ડસ્ટ્રી, મોટી ઓઈલ, ગેસ અને પેટ્રોકેમિકલ કંપનીઓ, ઊર્જા ઉત્પાદન અને ટ્રાન્સમિશન કરતી કંપનીઓ, કેમિકલ ઇન્ડસ્ટ્રી, જનરલ ઇન્ડસ્ટ્રી, એવિએશન સેક્ટર, ફાર્માસ્યુટીકલ કંપનીઓ ઉપરાંત આઈટી ઇન્ડસ્ટ્રીમાં સર્વર રૂમમાં ઉપયોગ થઇ રહ્યો છે. તેમના બનેવી સુશીલકુમાર ખોના જેઓ કંપનીના ડાયરેક્ટર છે. જલગાવ ફેક્ટરીમાં એડમિનિસ્ટ્રેશન અને ફાઈનાન્સ વિશે ધ્યાન આપી રહ્યા છે. તેમના ભત્રીજા અને કંપનીના ડિરેક્ટર અનિક ધરમશી ઓઈલ, ગેસ અને પેટ્રોકેમિકલના ફાયર પ્રોટેક્શનના નિષ્ણાત છે. કંપની અનેક ઉદ્યોગો માટે તેમની જરૂરત પ્રમાણે કસ્ટમાઈઝડ પ્રોડક્ટ્સ પણ બનાવી આપે છે. આપને જાણીને આશ્ચર્ય થશે કે અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે કાર્યરત ISRO દ્વારા મોકલવામાં આવેલા ચંદ્રયાનમાં એચડી ફાયરપ્રોટેક્ટ કંપનીના એક ઉત્પાદન વર્ષા નોઝલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



**Sushil Khona**
**Director**

હંમેશા ગ્રાહકને મહત્તમ સંતોષ અને સર્વિસ આપવાનું લક્ષ્ય નજર સમક્ષ રાખીને હરીશભાઈએ વાવેલું એચડી ફાયરપ્રોડક્ટ કંપનીનું બીજ આજે ત્રીસ વર્ષ પછી એક વિશાળ વટવૃક્ષ બનીને વિશ્વના અનેક દેશોમાં ફેલાઈ ગયું છે. આ સફળતા તેમણે વ્યાપારી કુનેહ ઉપરાંત સતત સંઘર્ષ, સંશોધન અને સખત મહેનતથી હાંસલ કરી છે.નવા ભારતના નિર્માણ દ્વારા સમગ્ર વિશ્વમાં છવાઈ જવાનું સપનું સેવનાર દરેક વ્યક્તિ માટે હરીશભાઈ ધરમશી પ્રેરણારૂપ ઉદાહરણ છે.

# ગુજરાતી સમાજ તિરૂપુર દ્વારા સંજોગ કાળ અનુસાર નવરાત્રોત્સવની ઉજવણી થઈ





દર વર્ષે તિરૂપુર ગુજરાતી સમાજના પરિવારોના સાથ સહકારથી ભવ્ય રીતે નવરાત્રોત્સવની ઉજવણી થાય છે. પણ ચાલુ વર્ષે કોવિડ-૧૯ મહામારીને લીધે સરકારી અંકુશ નિયમોને કારણે આ વર્ષે સાર્વજનિક સામુહિક આયોજન સંપૂર્ણ રદ્દ કરાયેલ.

સવારે ૯ કલાકે તા.૧૭ ઓક્ટોબર શનિવારના દિવસે ધામધૂમથી માતાજીની સ્થાપના કરાઈ. જેમાં સમાજના પદાધિકારીઓની ઉપસ્થિતિ હતી. રોજ સાંજે વિધિવત માતાજીની આરતી સમાજના વિધ્વંત પંડિત પરેશભાઈ ભટ્ટ દ્વારા થતી હતી. સ્થાપના અવસરે સમાજના ઉપ્રમુખ સુરેશકુમાર જે. વિભાકર, મંત્રીઓ પ્રકાશ અંજારીયા, નારાયણદાસ એન. પવાણી અને સતિષ નાગડાની ઉપસ્થિતી રહી હતી.

# સાધના સમ્રાટ ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના આશીર્વાદ અને દિશા નિર્દેશથી પૂર્ણિમા મંત્ર જાપ થયા

તા.૩૦ ઓક્ટોબર શુક્રવાર સાંજે ૬.૩૦ થી તા.૩૧ ઓક્ટોબર શનિવાર રાત્રે ૮ વાગ્યા સુધી પુનમ તિથિ હતી. આ મહાપ્રભાવશાળી રાત્રિએ અચલગચ્છના સાધના સમ્રાટ ગુરૂદેવ પ.પૂ.ઉદયરત્નસાગરજી મ.સા.ના દિશા નિર્દેશથી તા.૩૦ ઓક્ટોબર શુક્રવારની રાત્રે ૯.૩૦ કલાકે થી ૧૧.૩૦ કલાક સુધીના સામૂહિક મંત્ર જાપ કરવાનું આહવાન યુવામુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ કરેલ હતા. આ મંત્ર જાપ શરદપૂર્ણિમાની રાત્રે ચંદ્ર સામે આ અદ્‌ભૂત જાપ કરવાથી જેના પ્રભાવથી માનસિક શાંતિ, મનમાં આનંદ અને અત્યંત ચેન મળે છે. સ્ટ્રેસ રિલીફ મંત્ર આરાધનામાં સમગ્ર ભારત જેમાં પાલઘર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મુંબઈ, આંધપ્રદેશ, તામિલનાડુ અને કર્ણાટકના ૨૨૩૬ જેટલા ભક્તો એ જાપ કર્યા હતા અને આ અદ્‌ભૂત સાધના આરાધનામાં જોડાયા હતા. જાપ કરનાર દરેક સાધકને સુંદર અને અદ્‌ભૂત અનૂભૂતિ થઈ હતી. સૌ સાધકોને યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ ધન્યવાદ પાઠવ્યા હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ક.દ.ઓ. સમાજના દિવ્યાંગજનો પર હેત વર્ષા કરનારા આશ્રય દાતાઓને નમન







જ્ઞાતિના વિશિષ્ટ વ્યક્તિઓ એવા દિવ્યાંગજનોના હામી બની આશ્રય દાતાઓની ભૂમિકા આપનાર સંસ્થા અને પરિવારો એ પોતાની માનવ ધર્મની ફરજ જાણીને આગળ આવ્યા છે. ઉદારતા એ માનવ સમાજ માટે એક આદર્શ રૂપ સ્વૈચ્છિક અને બુધ્ધિ ગમ્ય સભ્યોની નિશાની છે.

અન્ય પ્રત્યે અનુકંપા દાખવવી તેઓને સહાયરૂપ બનવું તે પ્રત્યેક માનવીની ઉત્તમ ફરજ બની રહે છે. કેડીઓ જ્ઞાતિ સમાજના આ વિશિષ્ટ જનોને મદદરૂપ થવા બદલ સંસ્થા સંચાલકો અને પરિવારના પ્રત્યેક સભ્યોનો જેઓ દિવ્યાંગ પાલક કે દિવ્યાંગ શક્તિ બની પોતાની પવિત્ર ફરજ અદા કરી છે તેઓ સર્વેની નત મસ્તકે અનુમોદના સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ કરે છે.




આ માનવ ધર્મની પવિત્ર ફરજ બજાવનારમાં માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા રાયધણજર-મુલુંડ હસ્તે પૌત્ર પોત્રીઓ આશીષ, હાર્દિક, પ્રતિક, નિરવ, તૃપ્તિ અને શ્રુતિ રૂા.૧ લાખનું અનુદાન નોંધાવ્યું છે અને દિવ્યાંગ પાલક બન્યા છે.

જ્ઞાતિ મહિલાઓનું સામાજિક સેવાકીય સંગઠન પરબ શક્તિ સંજીવની સોસાયટી મુંબઈ એ રૂા.૫૦ હજારનું ફંડ આપી દિવ્યાંગ પાલક તરીકે નામ નોંધાવ્યું છે.

નીલ ઘનશ્યામ લાલકા હસ્તે શ્રીમતી અલ્પા ઘનશ્યામ લાલકા તથા સમસ્ત લાલકા પરિવાર વાડાપધ્ધર ઘાટકોપર એ રૂા.૧૧ હજાર અનુદાન નોંધાવી દિવ્યાંગ શક્તિ તરીકે નામ દર્જ કરાવ્યું છે.

# ધુલિયા સંઘમાં ચોથા સ્ટેજના કેન્સરમાં પણ સુશ્રાવિકાની અપૂર્વ સમતા સમાધિની વંદના અનુમોદના





મૂળ પાટણના વતની પરંતુ વર્ષોથી મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતના ધુલિયા નગરમાં રહેતા નગર શેઠ પરિવારના બા.બ્ર. સુશ્રાવિકા ઈન્દિરાબેન નેમિચંદભાઈ શાહ ઉંમર વર્ષ ૬૦ છેલ્લા ઘણા મહિનાઓથી લિવરના કેન્સરથી ગ્રસ્ત છે. હાલમાં આ કેન્સર ચોથા સ્ટેજમાં છે. આ અવસ્થામાં તેમનું વજન માત્ર ૧૩ કિલો જેટલું છે.

શ્રી શીતલનાથ જિનાલયની પરિસરમાં નજીક જ તેમનું રહેઠાણ છે. તેમણે વર્ષો સુધી નિયમિત રીતે પરમાત્માની પૂજા સેવા ભક્તિ અને આરાધના ખૂબજ ભાવોલ્લાસથી કરી હોવાથી આવી સ્થિતિમાં પણ એમની સમતા સમાધિ ખરેખર અત્યંત વંદનીય અને અનુમોદનીય કરી શકાય તેવી છે.





ધુલિયા સંઘમાં ચાતુર્માસે બિરાજમાન આગમ દિવાકર પરમ પૂજ્ય આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. પણ તેમના પરિવારની વિનંતીને માન આપી છેલ્લા ત્રણ દિવસથી દરરોજ ઈંદિરાબેનને માંગલિક સંભળાવવા તથા વિશિષ્ટ આરાધના કરાવવા માટે તેમના ઘરે જાય છે. ત્યારે તેઓ જાતે વિધિપૂર્વક ગુરૂ વંદન તથા ગુરૂ પૂજન કરીને ટેકા વગર ટટાર બેસીને હાથ જોડીને ખૂબજ ભાવપૂર્વક આરાધના સાંભળે છે તથા ઝીલાવે છે તે જોઈને પ.પૂ.આ.ભગવંત પણ અત્યંત પ્રભાવિત થઈને તેમની ખૂબ ખૂબ અનુમોદના તથા ઉપબૃહણા કરે છે.

સુશ્રાવિકા ઈંદિરાબેનને મૃત્યુનો જરાય પણ ભય નથી. ખરેખર જીવનમાં કરેલો ધર્મ સમ્યક રીતે પરિણામે તો જ અંત સમયે આવી અદ્‌ભૂત સમતા અને સમાધિ ભાવ પ્રાપ્ત થઈ શકે છે. ઈંદિરાબેનની આચાર્ય ભગવંતને એક જ વિનંતી કરી છે કે મારી સમતા છેવટ સુધી અખંડ રહે અને આવતા ભવે સીમંધર સ્વામી ભગવાનના વરદ હસ્તે ચારિત્ર પામી મોક્ષની સાધના કરી શકું એવા અખંડ આશીર્વાદ મને આપો.

ધન્ય છે આ ભાવના. ધન્ય છે આ સમજણ. ધન્ય છે સમત.

# સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડની ઝુમ મિટીંગ સફળાતપૂર્વક સંપન્ન

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની એક સભા ઝૂમ મિટિંગ દ્વારા શનિવાર તા. ૨૪/૧૦/૨૦૨૦ સાંજના ૪:00 થી ૬:00 સુધીમાં મળી હતી, આ મિટીંગમાં પ્રમુખ સ્થાનનું પદ કિર્તી ભાઈ ધરમશીએ સંભાળ્યું હતું. મિટીંગની શરૂઆતમાં મેનેજીંગ ટ્રસ્ટી તીલકચંદભાઈ દંડને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી ત્યારબાદ રેગ્યુલર વહેવારોનો વાર્તાલાપ થયો હતો અને દરેકે દરેક કમિટીના ચેરમેનોએ તેમને કોરોના કાળ દરમ્યાન કરેલા જ્ઞાતિલક્ષી કરેલા કાર્યોનું સર્વ ડાયરેક્ટરોને જાણ કરી હતી જેનો વિસ્તૃત અહેવાલ નીચે પ્રમાણે છે.




**૧) મેડિકલ :** શ્રી સમસ્ત મહાજનની મેડિકલ કમિટી દ્વારા ચાલતી સંજીવની સ્કીમ અત્યારસુધી સફળતાપૂર્વક ૩૧ કેસ પૂર્ણ કરેલ છે., જ્ઞાતિજનોનો ખુબજ સારો પ્રતિસાદ મળી રહ્યો છે, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કીર્તિભાઈ ધનજી ધરમશી ઘણાજ સમયથી ખુબજ એક્ટિવ રોલ નિભાવી રહ્યા છે. કન્વીનર શ્રી રાજેન્દ્રભાઇ મણિલાલ ખોના પણ સારી મેહનત કરી રહ્યા છે., મેનેજીંગ ટ્રસ્ટીશ્રી એ વધુમાં વધુ આપણા લગતા વળગતા ને પેટ્રોન બનાવી આ સ્કીમ ને મજબુત બનાવી શકાય, વધુમાં તેમણે જણાવ્યું કે 'માનવ જ્યોત' સંસ્થાના સ્થાપક શ્રી કુલીનકાંતભાઈ ચાંપશી લુઠીયા એ પણ ૧ લાખ (ડાયમંડ પેટ્રોન) બન્યા છે, તેઓ પણ એક સંસ્થા ચલાવી રહ્યા છે છતાં સંજીવની સ્કીમ સારી હોય તેમણે તેમનો ફાળો નોંધાવી અન્ય જ્ઞાતિજનોને મેડિકલ ક્ષેત્રે સહાય કરવા ઉત્તમ ઉદારણ પૂરું પાડ્યું છે. શ્રી સમસ્ત મહાજન અને મેડિકલ ટીમ તેમની ખુબ ખુબ અનુમોદના કરે છે.

**૨) કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ :** શ્રી સમસ્ત મહાજનની વધુ એક જબરદત સ્કીમ જે દરેક કે.ડી.ઓ. મેમ્બરની ઓળખ છે. હાલ સુધીમાં કુલ ૧૪૦૦ કાર્ડ બની ગયા છે. ભુજોડીના ૬૫ ફોર્મ આવ્યા છે તેજ બાકી છે બીજા બધા કુરિયર થઈ ગયેલ છે. સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ એ ગ્લોબલ કાર્ડને લીધે કેટલા જ્ઞાતિજનોને લાભ મળ્યોછે તેની વિગત તૈયાર કરીને મહાસમિતિમાં મુકવા શ્રીમતી શીતલબેનને જણાવ્યું હતું. કન્વીનર શ્રી મુલચંદભાઈ મોતાએ જણાવ્યું કે ચેરમેનશ્રી કુમારભાઈ સાથે વાત થયા મુજબ સ્થાનિક મહાજનોનો સંપર્ક રૂબરૂ કરવો પડશે જે કરતા થોડો સમય લાગી શકે છે અને ટોટલ વસ્તીના ૩૦% જેટલા કાર્ડ વહેલી તકે બની શકે તેવી આશા છે. વધુમાં શ્રી નિશીથભાઈએ જણાવ્યું કે આ કાર્ડ આપણા સમાજના જ્ઞાતિજનોની ઓળખ છે અને બીજી રીતે

# સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડની ઝુમ મિટીંગ સફળાતપૂર્વક સંપન્ન

આપણી જ્ઞાતિનો લેટેસ્ટ ડેટાબેઝ તૈયાર થઈ રહ્યો છે, કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડને મુંબઈ મહાજન સાથે સાંકળીને કાર્ય આગળ ધપાવવું જોઈએ કેમકે જ્ઞાતિની ઘણીખરી વસ્તી મુંબઈ ખાતે રહે છે અને વધુમાં વધુ લાભ મુંબઈના જ્ઞાતિજનોને મળ્યો છે અને મળશે, દક્ષિણ એકમે ગ્લોબલ કાર્ડ માટે વિશેષ ધ્યાન આપવું પડશે અને ટ્રસ્ટીશ્રી મોનિકભાઈને તે બાબતે આગેવાની લઈને વિશેષ કામગીરી સોંપી હતી.

**૩) કે.ડી.ઓ. દિવ્યાંગ :** શ્રી સમસ્ત મહાજન ની દિવ્યાંગ કમિટી પણ ખુબજ સરસ કામગીરી બજાવી રહ્યા છે , કે.ડી. ઓ. દિવ્યાંગ ને હાલના કપરા સંજોગોમાં પણ ૬.૨૫ લાખ જેટલી માતબર રકમની સહાય મળેલ છે, કોરોના ના કપરા કાળમાં પણ દિવ્યાંગોને ચેક દ્વારા પેમેન્ટ કરવામાં આવેલ છે. શ્રી નિશિથ ભાઈએ ચેરમેન શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયા અને સેક્રેટરી શ્રીમતી શિલ્પાબેન અજાણી તથા દિવ્યાંગ કમિટીની સુંદર કામગીરીને બિરદાવી હતી અને દરેક સભ્યોને દિવ્યાંગ પાલક બનાવવા અપીલ કરી હતી અને નાનામાં નાના દાતાઓને પ્રોત્સાહન મળે તેવી રીતે કાર્ય કરવા જણાવ્યું હતું.

**૪) કે. ડી.ઓ. બીટુબી :** શ્રી સમસ્ત મહાજનની તાજેતરમાં સર્વાધિક જ્ઞાતિજનો દ્વારા ચર્ચામાં રહેલ બીટુબી કમિટીએ બહુ ટૂંકા ગાળામાં ૨૦૦૦ હજારથી વધુ મેમ્બરો બનાવી લીધા છે. ચેરમેન શ્રી રાજેશભાઈ મોમાયા એ જણાવ્યું કે તેમણે સ્ટેપ બાય સ્ટેપ જઈ રહ્યા છે, તેમણે બે ચાર ઓનલાઇન મિટિંગ પણ લીધેલ, ૪૦% જેટલા દરેક ધંધાના વ્યુવર્સ છે, કોરોના સમયમાં ભાઈ-બહેનો એ આત્મનિર્ભરતા સાથે શરુ કરેલા ધંધાના વિડીયો અને તેમની ધગશ અભિનંદનને પાત્ર છે.

બીજા સ્ટેપમાં અમે દરેક ધંધાર્થીઓના ઇન્ટરવ્યૂ લઈ સોશ્યલ મીડિયામાં નાખવામાં આવશે જેથી લોકોને ૮૦% ફાયદો થશે અને ગૃહઉદ્યોગ વાળાને ખુબજ ફાયદો થયો છે, શ્રી જયંતભાઈ છેડાએ બીટુબી કમિટીને સફળ પોર્ટલ ગણાવ્યું અને આપણી જ્ઞાતિએ ધ્યાન આપવું જોઈએ.

વધુમાં જણાવ્યું હતું કે બીટુબીનું ટ્રાન્સપોર્ટ પણ સારી રીતે ચાલી રહ્યું છે જેનો જ્ઞાતિજનોએ લાભ લેવો જોઈએ, બે ત્રણ મહિનામાં બીટુબી ને પ્રોફેશનલ પ્લેટફોર્મ પાર લઈ જવાનું કાર્ય ચાલી રહ્યુ છે. રાજેશભાઈએ વધુમાં જણાવ્યું કે રૂા.૫૦૦૦/- ના સિંગલ મેમ્બર મળે તો પણ કાર્યને સારો એવો સહકાર મળી રહેશે. સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈએ રાજેશભાઈને અભિનંદન આપતા જણાવ્યું કે નોમિનલ સૂચન સાથે વિડીયો કલીપ જ્ઞાતીમૈયામાં આપવા જણાવ્યું હતું.

**૫) મીડિયા કમિટી :** શ્રી સમસ્ત મહાજનની મીડિયા કમિટીના ચેરમેન શ્રી જયંતભાઈ છેડાએ સભાને જણાવ્યું હતું કે આપણી જ્ઞાતીમૈયા સમસ્ત અચલગચ્છની એપમાં દર મંગળવારે પ્રસારિત કરે છે અને દેશ વિદેશમાં રહેતા આપણા જ્ઞાતિજનો સુધી પહોંચે છે. હાલમાંજ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિલોકચંદ ભાઈ દંડના શ્રદ્ધાંજલિના સ્પેશ્યલ અંકમાં યુ ટ્યુબ વિડીયોનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો જે અધિકાંશ સફળ રહ્યો હતો, આવી જ રીતે બીટુબી ને પણ આમા સમાવી લેવાથી સારી એવી સફળતા મળશે. સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈએ દિવાળી સ્પેશ્યલ અંક માટે જણાવ્યું હતું અને વધુમાં વધુ વિડીયો બીટુબી અંગે નાખવા જણાવ્યું હતુ અને તેની સાઈઝ લિમિટેડ રાખી જાહેર કરવા જણાવ્યું હતું.

સવિશેષમાં એવુ નક્કી કરવામાં આવ્યુ હતું કે આ વર્તમાન ટીમની સમય મર્યાદા માર્ચ ૨૦૨૧ના પૂર્ણ થાય છે તો નવી અવનારી ટીમ માટે સમયસર ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ તો તે માટે આપણે મહાસમિતિ બોલાવી તેમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરી અને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે તો તે માટે મહાસમિતિની એક મિટીંગ ડિસેમ્બર મહિનામાં લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું ત્યારબાદ મિટીંગ સમાપ્ત થઈ હતી.

# શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપ દ્વારા
# વર્ચ્યુઅલ નવરાત્રિની આરાધના







વર્તમાન પરિસ્થિતિને આધિન શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપે તેમના આ ૨૬મા વર્ષે અનંત સિધ્ધિમાં મર્યાદિત જ્ઞાતીજનોની હાજરીમાં નવરાત્રિ દરમિયાન દરરોજ છ લાભાર્થી પરીવારોના સહયોગથી અચલગચ્છ અધિષ્ઠાયીકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું અતિ સુંદર આયોજ(બાંડીયા) ના સાથ સહકારથી યુ ટ્યુબ પર શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપની ચેનલ પર દરરોજ લાઈવ પ્રસારણ થયેલ. તે બદલ મંડળના મેમ્બર્સ શ્રી અરવિંદ હંસરાજ લોડાયા (આરીખાણા), વિનય મુલજી લોડાયા (ભરૂડીયા), કીરીટ દામજી લોડાયા (બાંડીયા), ફાલ્ગુન લખમશી ખોના (નલિયા), યોગેશ હિરાલાલ પોલડીયા (બાયઠ), હરીશ ધનજી ડાઘા (વરાડીયા), વિપુલ કાંતીલાલ લોડાયા (સાંધવ), ચીમનલાલ દેવજી નાગડા (રાપરગઢ), કિરીટ મુલજી દંડ (મંજલ), વસંત કેશવજી લોડાયા (બાયઠ) વગેરે અનુમોદના તથા ધન્યવાદને પાત્ર છે. યુ ટ્યુબ પર દરરોજ લાઈવ પ્રસારણની જવાબદારી શ્રી નિરવ મોતા તથા વૈભવ લોડાયાએ સંભાળી હતી.

શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ દર વરસે ૩૧મી ડીસેમ્બરની આસપાસ ૫૫ થી ૧૧૦ જણાને લઈ પાવાગઢની યાત્રાએ જાય છે ત્યારે આજુબાજુના તીર્થોની પણ યાત્રા કરે છે. સેવાભાવે આમંત્રણથી ઓછા ચાર્જમાં શ્રી મહાકાળી માતાજીની ભાવનાનું આયોજન કરી આપવુ એ મંડળની વિશેષતા છે.

# પૂર્વ રાજ્યમંત્રી શ્રી નલિયા પાંજરાપોળની શુભેચ્છા મુલાકાતે



તા.૨૭ ઓક્ટોબર મંગળવાર રોજ કચ્છ ભુજના રાજ્ય સરકારના પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ જગશી છેડા નલિયા ગામે પધાર્યા હતા. તેઓશ્રીને નલિયા મહાજનના પ્રમુખ મુલચંદભાઈ મોતાએ શુભેચ્છા મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતુ તે સ્વીકારી પધાર્યા હતા. તે અવસરે મુલચંદભાઈએ તારાચંદભાઈ છેડાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

આ મુલાકાત અવસરે સમાજ તથા પાંજરાપોળ વિશે વિશદપણે ચર્ચા વિચારણા કરાઈ હતી. અબડાસા તાલુકા પંચાયતના માજી પ્રમુખ મૂળરાજભાઈ ગઢવી દ્વારા નલિયા મહાજનના નેજા હેઠળ ચાલી રહેલા જીવદયા કાર્યની સરાહના કરી હતી. અન્ય સમાજના મહાનુભાવો એ ક.દ.ઓ.જૈન સમાજના જીવદયા કાર્યની નોંધ લીધી હતી.

લલિતભાઈ ખોના, ચેતનભાઈ નાગડા, રાજેશભાઈ મોતા, મહેશભાઈ નાગડા, જુગલભાઈ નાગડા, ભાવેશભાઈ મૈશેરી, જયંતભાઈ મોતા તેમજ કાર્યરત ટીમની પ્રશંસા કરી સૌએ અભિનંદન પાઠવ્યા હતા. ભવિષ્યમાં આ હજી પણ જીવદયા ઉપયોગી કાર્ય કરતા રહી આગળ વધો એવા આર્શીવાદ પણ આપ્યા હતા.

# UNLOCK YOUR BUSINESS

Under KDO B2B Platform

**To boost your business is only KDO B2B's motto**

## Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis

Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.

Home operate business also can be advertised




KDO BUSINESS

For further information please call 90990 41414 (Sheetal Dhulla)

જૈન તીર્થોના ભક્તિસભર યાત્રા પ્રવાસક્ષેત્રે "26" વર્ષથી ગુંજતુ ને ગાજતું એક માત્ર નામ

# 'સાવલા N લોડાયા' ટુર

## શીખરજી મહાયાત્રા

૧૫૧ થી અધિકવાર શીખરજી
મહાયાત્રા કરનાર/કરાવનાર સંચાલક સાથે

**શીખરજી**

ઋજુવાલીકા, ચંપાપુરી (ભાગલપુર)
લછવાડ (ક્ષત્રિયકુંડ), કાકંદી,
રાજગૃહી, પાવાપુરી, ભદ્રીલપુર,
મીથીલા, ભેલુપુર, ભદૈની, સિંહપુરી,
ચંદ્રપુરી, વારાણસી, કુંડલપુર, ગુણીયાજી,

દિવસ : 10, 12, 14, 15

## ઉત્તરપ્રદેશની "66" કલ્યાણક ભૂમિ યાત્રા

કૌશાંબી, પુરીમતાલ, રત્નપુરી, અયોધ્યા,
શ્રાવસ્તી, કંપીલા, હસ્તિનાપુર, શોર્યપુરી સાથે
લખનૌ, હરિદ્વાર, મથુરા, આગ્રા,

દિવસ : 10, 12, 14

**અગત્યની નોંધ :**
બિહાર, ઝારખંડ, ઉત્તરપ્રદેશની કલ્યાણક ભૂમિઓના તીર્થો યાત્રા માટે ખુલ્લી રહ્યા છે. તેમજ ત્યાં જવા માટે ટ્રેન/વિમાની સેવા પણ નિયમિત થઈ રહી છે..

## સૌ ચાલો ૧૧૯ કલ્યાણક ભૂમિ જુહારીએ

Have A Divine Touch With
ચોવીસ તીર્થંકરોની પાવન ભૂમિ
પાવન ઉર્જા, પાવન ઓરા
હજી જયાં અનુભવાય છે
જયાં તેઓ જન્મ્યા, દીક્ષા લીધી,
કેવલજ્ઞાન અને મોક્ષ પામ્યા...
શું તમે હજી સુધી એ પાવન
પરમાણુંઓને સ્પર્શાયા નથી ?

***HURRY UP !!!***

**કલ્યાણક ભૂમિ નથી જોઈ
એણે કશું નથી જોયું**

આજે જ કલ્યાણકભૂમિઓની
યાત્રા માટે સંપર્ક કરો...

**સંઘ-મહાજન-મંડળ-પાઠશાળા
પારિવારીક ગ્રુપો માટે વિશેષ તક**

આપના બજેટ, સમય અનુસાર ભારતભરના
વિવિધ તીર્થોના યાત્રા પ્રવાસોનું સગવડદાયી
સંપૂર્ણ સુઆયોજીત વિશેષ આયોજન

જૈન તીર્થોની યાત્રા તો માત્ર સમાજની શ્રેષ્ઠ
યાત્રા ટુરના સથવારે જ

# SAVLA N LODAYA TOUR

ચાલો...તીર્થોને જુહારવાની કરો તૈયારી. 98205 65261 / 70214 38593

BINITA MARU - 9869034162




# INAUGURATION

## MILLENNIUM WORLD SCHOOL

MAIN CAMPUS

## 05th NOVEMBER, 2020

I take immense pleasure in unveiling to you my Dream project, the Millennium World School - Bengaluru North. The school of the 21st century that we are proud to call city's best Eco learning space. What started of as a dream has now turned into reality with God's grace and a lot of hardwork. I would like to take this opportunity and thank you for the blessings you've showered me with along the way and I know that you will continue to encourage me just as you have.

**Millennium World School - Bengaluru North starts active operations from today, 05 November 2020** but considering the ongoing pandemic and ensuring your safety, we are unable to share this day in person. But I look forward to hosting you at the campus in the near future.

Best Regards

*Bharat Shah*

Founder Trustee

# સંજીવની કેસ નં.૩૨ માટેના ડોનરોની અનુમોદના

સમસ્ત મહાજન સંચાલિત સંજીવનીમાં કેસ નં.૩૨ જે શ્રી હરીશ પદમશી જૈન (લોડાયા), ઉ.વ.૬૪ ડોંબિવલી ગામ સુથરી છે. હરીશભાઈને લંગ કેન્સરની તકલીફ છે અને તેમને કેમો થેરાપી અને રે થેરાપી માટે અંદાજિત રૂા.૧ લાખ ૭૬ હજારનો ટ્રીટમેન્ટ ખર્ચ આવ્યું છે.

હર્ષ સાથે જણાવતા આનંદ થાય છે કે કેસ નં.૩૨ માટે તાબડતોબ અમુક ડોનરો તૈયાર થઈ ગયા છે અને જાહેર કરતાની સાથે જ પૈસાનો બંદોબસ્ત થઈ જતા હરીશભાઈની ટ્રીટમેન્ટ ત્વરીત ચાલુ થઈ ગઈ છે. સમસ્ત મહાજન મેડિકલ સમિતિ ડોનરોની ભુરી ભુરી અનુમોદના કરે છે.






# શિવમસ્તુ તીર્થમાંથી ખુશી આનંદના સમાચાર




જે તીર્થમાં પધારવા સેંકડો પ્રભુ ભક્તો આતુરતા નયનોથી રાહ જોઈ રહ્યાં હતા એવા જૈન ધર્મના પાવન તીર્થ શિવમસ્તુ તીર્થના દ્વાર હવે યાત્રા માટે તથા દર્શન પૂજા ભક્તિ માટે તા.૮ નવેમ્બર રવિવારના વહેલી સવારના શુભ મુહૂર્તે ખુલ્લા મુકાશે. રહેવા તેમજ ભોજન વ્યવસ્થા પણ તેજ દિવસથી સુલભતાથી મળી રહેશે.

સરકારી નિયમો અનુસાર માસ્ક, સેનેટાઈઝર અને સોશ્યલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન અત્યંત જરૂરી રહેશે. જે માટે સહકાર આપવા સૌને ટ્રસ્ટી મંડળ દ્વારા વિનંતી કરાઈ છે.

## ફુલ ખીલે ગુલશન ગુલશન



ડાઘા પરિવાર
માતા - નિકીતા
પિતા - અધીત
ગામ - વરાડિયા
હાલ - બેંગલોર
જન્મ - ૧૪-૧૦-૨૦૨૦



**અમાયરા**

## માઈનોરેટી નેશનલ સ્કોલરશીપ ૨૦૨૦-૨૧ માં અરજી કરવાની મુદત ૧ માસ લંબાવાઈ

નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર અરજી કરવાની તારીખ ૧ માસ માટે લંબાવાઈ છે જે હવે તા.૩૦ નવેમ્બર સુધીની થઈ છે. કુણાલ ડાઘાએ આ જાણકારી પોતાની યુ-ટ્યૂબ ચેનલ પર આપી છે. તેઓ આ અગાઉ આ સ્કીમમાં કેવી રીતે અરજી કરવી તેની વિસ્તૃત માહિતી તેઓ વિડીયો દ્વારા આપી હતી. આ સ્કીમના ફોર્મનું વેરીફિકેશન તા.૧૫ ડિસેમ્બર સુધી કરાવી શકાશે. આ અરજી કેવી રીતે સબમીટ કરવી એ તેમની આ યુટયુબ ચેનલની લીંક પરથી લાઈવ શીખીને ભરી શકાશે યુટ્યુબ લીંક માહિતી https://youtu.be/eX665Y5IGNM

# રાયધણજરના લુઠિયા પરિવાર સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે જોડાયા




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનો માટે સંચાલિત થતી ઉત્તમ યોજના સંજીવનીમાં વિવિધ કેટેગરીમાં દાતાઓ પોતપોતાની સ્વૈચ્છાએ યોગદાન નોંધાવી પેટ્રોન બની શકે છે.

આ વખતે કચ્છ રાયજણધરના માતુશ્રી મણિબાઈ ચાંપશી લુઠિયા અને શ્રી ચાંપશી ખીયશીં લુઠિયાની પુણ્ય સ્મૃતિમાં લુઠિયા પરિવારએ રૂા.૧ લાખનું ઉદાર અનુદાન આપી સંજીવની ડાયમંડ પેટ્રોન બન્યા છે. આ સહકાર્ય સહયોગની નોંધ લઈ મેડિકલ સમિતિ તે પરિવારના સર્વે સભ્યોની અનુમોદના કરે છે.

# સંજીવની કેસ નં.૩૧ માટેના ડોનરોની અનુમોદના

સમસ્ત મહાજન સંચાલિત સંજીવનીમાં કેસ નં.૩૧ જે શ્રીમતી સરલાબેન મુલચંદ લોડાયા, ઘાટકોપર ગામ કચ્છ લાલાનું છે તેમાં તેમને યોગ્ય સારવાર આપવામાં આવી હતી અને જ્ઞાતિજનો તરફથી પણ સારામાં સારો સાથ સહકાર મળતા તેમને વેળાસર ટ્રીટમેન્ટ પુરી થઈ હતી અને તેમની તંદુરસ્તી સારી થતા તેમને રજા પણ અપાઈ હતી. આ ટ્રીટમેન્ટ માટે સાથ સહકાર આપનાર જ્ઞાતિજનોનું લીસ્ટ નીચે પ્રમાણે છે.

| Uranium Patron | Donation (Rs) |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 14,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi | 2,000.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Shri Rajendra Manilal Khona, Suthri, Mulund Mumbai | 1,000.00 |
| Shri Kumarrbhai B. Dand, Tera, Mumbai | 1,000.00 |
| **Platinum Patron** | |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shree Tokarshi Anandji Lalka, Lala, Vashi Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Bangalore | 2,500.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Matushree Damayanti Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya), Moti Khavdi, Thane | 2,500.00 |
| Kumar Dhaval Mayur Lodaya ( Haste Matushree Jayaben M. Lodaya), Moti Khavdi, Ghatkopar | 2,500.00 |
| Matushree Madhuben Hirachand Dand ( Haste-Ritesh H Dand), Lala, Mulund, Mumbai | 2,500.00 |
| Shri Virendra Raghavji Lodaya, Bandhiya, Ahmedabad ( Haste Shri Chandresh V. Lodaya) | 2,500.00 |
| **Silver Patron** | |
| Late Dr. Vasanti Khona ( Haste Shri Jeentan Shah ), Naliya, Mulund | 2,500.00 |
| Matushree Vasantiben Navinchandra Narshi Khona Parivar ,Ghatkopar, Naliya | 2,500.00 |
| Smt. Vijayaben Kooverji Harshi Lodaya, Rapar gadwari, Bhandup ( Haste Dhaneshbhai) | 2,500.00 |
| **Other Individual Donations** | |
| Well Wisher | 10,000.00 |
| Shri Gautam Laxmichand Dharamshi, Kothara, Parel | 10,000.00 |
| Shrimati Anjuben Pratap Dharamshi, Suthri , ( U.S.A.) | 10,000.00 |
| Shri Ratanshi Kunverji Lodaya , Has: Maneesha K. Mota, Suthri | 5,000.00 |
| Shri Hiren Somchand Shah (Lodaya) Vadodra | 5,000.00 |
| Shri Viresh Laxmichand Luthia, Kolkatta | 5,000.00 |
| Shri Rajendra Kumar U Desai , Raichur | 3,000.00 |
| Miss Chaitali Meisheri, Ghatkopar | 2,000.00 |
| Miss Well Wisher | 1,000.00 |
| Shri Ramesh Luthia | 1,000.00 |
| Shrimati Arunaben Nitin Nagda | 1,000.00 |
| Shri Devansh P. Momaya (Ghatkopar) | 1,000.00 |
| Late Shri Pramod Damji Khona , Thane | 1,000.00 |
| Shri Kamlesh Khushalchand Poladia | 500.00 |
| Shri Mehul Chandrakant Vinjhani (Hefa ) | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya | 500.00 |

**Direct Deposit in Hospital: By Cancer Trust Rs. 10,000/-**

**Thank You Donors for your Generosity & Kindness**

# જીવન ઘટમાળ

● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૧૦.૨૦૨૦ | રાપર | નિખિલ મહેન્દ્ર ઠાકરશી મોતા | ભાંડુપ | ૩૧ |
| | અમદાવાદ | આરતી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી | બાંઢીયા | ૨૭ |
| ૨૨.૧૦.૨૦૨૦ | સાંગલી | હિતેન દિલીપ લખમશી ખોના | ગોરખડી | ૩૦ |
| | સાંગલી | દર્શના ધનપતિ મેઘજી નાગડા | તેરા | ૨૨ |
| ૨૩.૧૦.૨૦૨૦ | ડોમ્બીવલી | ભાવિક અજીત જવેરચંદ સાયલા | મંજલ રેલડીયા | ૩૩ |
| | કલવા | ઈન્દિરા  ખુશાલચંદ હીરજી મૈશેરી | જખૌ | ૨૮ |
| ૨૩.૧૦.૨૦૨૦ | મલકાપુર | દર્શન ભરત ઉત્તમચંદ મુનવર(શાહ) | કોઠારા | ૨૭ |
| | વાપી | વીજલ લલિત રતનશી મૈશેરી (શાહ) | નલિયા | ૩૦ |
| ૨૫.૧૦.૨૦૨૦ | વડાલા | પુરવ કિશોર દામજી ધરમશી | કોઠારા | ૨૮ |
| | વસઈ | આકાંક્ષા જયેશ મણીલાલ શાહ (મોતા) | લાખણીયા | ૨૩ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ઘાટકોપર | શલ્ય હિતેશ ધનજી મૈશેરી | માંડવી | ૨૮ |
| | થાણે | સોનલ પંકજ પુનમચંદ મોમાયા | વરાડિયા | ૨૩ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ડોમ્બીવલી | હિતેશ મનોજ ઠાકરશી ખોના | તેરા | ૩૧ |
| | પુણે | જીનલ રાજેન્દ્ર સોમચંદ મૈશેરી | સાંધાણ | ૨૯ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ડોમ્બીવલી | ભાવિન પંકજ હેમરાજ મોમાયા | વરાડિયા | ૨૮ |
| | ડોમ્બીવલી | અંકિતા ઉત્તમ વીરજી ડાઘા | દલતુંગી | ૨૮ |
| ૨૫.૧૦.૨૦૨૦ | માટુંગા | કુણાલ મયુર નારણજી ખોના | તેરા | ૨૮ |
| | મુલુંડ | ખ્યાતિ રાજીવ જયચંદ લુઠીયા | રવા | ૨૫ |
| ૨૫.૧૦.૨૦૨૦ | મુલુંડ | અંકક્ષિત સુભાષ જીવરાજ વોરા | રંગપુર | ૨૯ |
| | મુલુંડ | હેતલ ધનપતિ ભવાનજી લોડાયા | નલિયા | ૨૯ |
| ૨૯.૧૦.૨૦૨૦ | ભોપાલ | પાર્શ્વ ધીરેન્દ્ર વાલજી મોતા | વાંકુ | ૨૯ |
| | હુબલી | ખુશ્બૂ પ્રફુલકુમાર માણેકજી મોમાયા | વરાડિયા | ૨૬ |

● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૧૦.૨૦૨૦ | ઘાટકોપર | અનીષ દિપક રાયચંદ મોતા | કુઆપધર | ૨૭ |
| | ઘાટકોપર | નિધિ જયેશ રમણીકલાલ કમાણી | લાઠી | ૨૪ |
| ૨૪.૧૦.૨૦૨૦ | ડોમ્બીવલી | હાર્દિક ભરત હીરાલાલ જોષી | ભુજ | ૩૧ |
| | નાગપુર | દિશા પંકજ મેઘજી પોલડિયા | ડુમરા | ૨૫ |
| ૨૫.૧૦.૨૦૨૦ | અમદાવાદ | સુનીલ કૃપાલસિંહ રામસિહ ઠાકુર | મુંબઈ | ૩૪ |
| | કોપરખૈરાણે | ડીમ્પલ જગદીશ રાઘવજી મોતા | લાખણીયા | ૨૭ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ભુજ | યશ લહેરચંદ કુંવરજી ખોના | સુથરી | ૨૭ |
| | ભુજ | ખુશ્બૂ કેશાજી મેઘજી હરિયા | દેવપુર | ૩૦ |
| ૨૫.૧૦.૨૦૨૦ | મુલુંડ | સાગર અતુલભાઈ મહીપતરાય શાહ | પછેગામ | ૨૪ |
| | મુલુંડ | પંકિત વિપુલ વિરચંદ ધરમશી | કોઠારા | ૨૪ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ચેમ્બુર | યશ લીરેશ ઝવેરચંદ સાયલા | મંજલ રેલડીયા | ૨૫ |
| | માટુંગા | પ્રાપ્તિ ભાવેશ સુરેશચંદ્ર શાહ | ભાવનગર | ૨૫ |
| ૨૫.૧૦.૨૦૨૦ | મુલુંડ | હંસ યોગેશ ગોપાલજી પલન | સભડાઈ | ૨૫ |
| | મુલુંડ | પૂનમ મહેશ હંસરાજ દંડ | સાંધવ | ૨૪ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ઘાટકોપર | વૈભવ મનોજ લજપતરાય ખરબંદા | દિલ્હી | ૨૭ |
| | અલીબાગ | અવની ગિરીશ શાંતિલાલ મોતા | લાલા | ૨૭ |
| ૨૫.૧૦.૨૦૨૦ | મુલુંડ | નિષાદ ગુલાબ કલ્યાણજી મૈશેરી | માંડવી | ૩૦ |
| | થાણે | ભાગ્યશ્રી ગજાનન કાશીનાથ તાંબે | ઓતુર | ૨૯ |
| ૨૫.૧૦.૨૦૨૦ | ડોમ્બીવલી | અંકિત રશ્મિકાંત પૂનમચંદ  શેઠ | સાવરકુંડલા | ૨૭ |
| | ડોમ્બીવલી | યોગિતા પંકજ નવીન દંડ | બાયઠ | ૨૩ |




● નખત્રાણા તાલુકાના કલાતીર્થ ગામ નિરોણામાં પાંચ જેટલી વિશ્વ વિખ્યાત હસ્તકલાનું સંગમ સ્થળ છે. આ કચ્છી કળાની પંચતીર્થી ગણાય છે. પાવર પટ્ટી વિસ્તારના આ ગામ નિરોણામાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા ૪.૩૩ કરોડના ખર્ચે નિર્માણ થનારી હસ્તકલા બજારનું ખાત મૂહૂર્ત રાજ્યના પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાએ કર્યું હતું. આ દરમ્યાન તેઓ એ કહ્યું હતું કે કોરોનાની મહામારી કાબૂમાં આવે તો આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં કચ્છનો જાણીતો રણોત્સવ શક્ય બની શકે છે.

● કચ્છમાં બહોળા પ્રમાણમાં ઉત્પાદિત થતા શક્તિવર્ધક ડ્રેગન ફ્રૂટને સમગ્ર દેશમાં કમલમ ફ્રૂટ તરીકે ઓળખ મળે એ માટે કચ્છના કિસાનો દ્વારા સાંસદને આવેદન આપી માંગ કરાઈ છે. કચ્છ કિસાન કમલમ ફ્રૂટ પરિવારના નેજા તળે કચ્છની વિવિધ ફાર્મ જ્યાં ડ્રેગન ફ્રૂટની નિપજ થાય છે એના સંચાલકો જોડાયા હતા.

● નખત્રાણા તાલુકાના નાની બન્ની વિસ્તારના તલવાંઢ ગામમાં એક ભેંસ નહીં પણ પાડી વિક્રમી કિંમતે વેંચાઈ હતી. તલવાંઢના જાનભજતે ૨૪ મહિનાની જાતવંત પાડી રૂા.૪ લાખ એકાવનમાં વેંચી હતી. ગજાવાળી, દેખાવમાં સુંદર અને ઊંચા કુળની આ પાડી અમદાવાદના માલધારી રબારી નાથાભાઈને પસંદ પડી જતાં તેની કિંમત લાખેણી થઈ હતી.

● કચ્છ જાહેર જીવનના મોભી, ગુજરાતના નખશિખ પ્રામાણિક એવા રાજ્યવિધાન સભાના પૂર્વ અધ્યક્ષ કુંદનલાલ ધોળકિયાની ૧૦૦મી જયંતીએ તેમની ટાઉન હોલ પાસેની પ્રતિમાને ભુજ નગરાધ્યક્ષા લતાબેન સોલંકીના વડપણ હેઠળ હારારોપણ સાથે શ્રધ્ધા સુમન અપાયા હતા. તેમના નગરપતિના સમયકાળમાં રસ્તા, રોડલાઈટ, બાગ તેમજ અન્ય વિકાસ કાર્યોને વક્તાઓએ યાદ કર્યા હતા તથા ગાંધીજીના વિચાર મૂલ્યોને સિધ્ધાંતો એક સંનિષ્ઠ ગાંધીવાદી તરીકે જાળવી રાખ્યાં હતાં તેની પ્રશંસા કરી હતી.

● કચ્છના પશુપાલન જગતની એક રસપ્રદ વિશેષતા જાણવા જેવી છે. ગાય, ભેંસ, ઘેંટા, બકરાં, ઊંટ જેવા પશુ પાળવાની પરંપરાથી તો સૌ કોઈ વાકેફ છે. પરંતુ બન્નીના પશુ પાલકો પશુઓની શિકારી પશુઓથી રક્ષા કરે તેવું પશુ પાળયું છે. શિકારી શ્વાન 'તાઝી'. જે દેશમાં  માત્ર કચ્છી ઘાસિયા મેદાન પ્રદેશ બન્નીમાં 'તાઝી' શ્વાનનું પાલન થાય છે. સામાન્ય શ્વાનો કરતાં વધુ ઊંચાઈ ધરાવતું પાતળું અને ચપળ  એવું તાઝી રાત્રિના સમયે વધુ સતર્ક અને જરૂર પડે ઝનૂની બની જઈ કોઈપણ અજાણી વ્યક્તિ કે પશુને તમારા ઘરમાં કે વાડામાં ઘૂસવા ન દે. વિદેશમાં રશિયામાં આ જાતિના શ્વાન જોવા મળે છે.

● જૂનાગઢના યુવરાજ રા'નવઘણને ઉગારવા માટે આહીર મર્દે પોતાનું પુત્રનું મસ્તક પોતાના હાથે ઉતારીને પોતાની રાજ ભક્તિને ઈતિહાસમાં અંકિત કરાવી દેવાયત બોદરજીએ સમગ્ર વિશ્વને ત્યાગ અને સમર્પણનું ઉદાહરણ પુરું પડ્યું હોવાની લાગણી ભચાઉ ખાતે તેમની શૌર્ય પ્રતિમાના અનાવરણ વેળાએ વ્યક્ત કરાઈ હતી. રાજ્યમંત્રી વાસણભાઈ આહીર, માંડવી મુંદરાના ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજા અને ભચાઉના પ્રથમ નાગરિક કુલદીપસિંહ જાડેજાના હસ્તે ભચાઉ ખાતે આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. નગરપતિ કુલદીપસિંહએ આ અવસરે જણાવ્યું હતું કે આ હીર સમાજનું ઋણ ઉતારવા માટે નહીં પરંતુ ભાવિ પેઢી આ બલિદાનને યુગોયુગ યાદ રાખે તેવા ભાવથી આ પ્રતિમાની સ્થાપના કરી હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**બાબુલાલ એચ. મુનવર**
તા.૨૭ ઓક્ટો. (ઉ.૬૦)
કોઠારા-કોઠારા



**મહેશ એમ. મોતા**
તા.૨૬ ઓક્ટો. (ઉ.૬૮)
નલિયા-નવીમુંબઈ



**નરેશ એલ. ધુલ્લા**
તા.૨૮ ઓક્ટો. (ઉ.૬૨)
ભરૂડિયા-મુલુંડ (પ.)



**રોહિત કે. લોડાયા**
તા.૨૪ ઓક્ટો. (ઉ.૭૦)
નલિયા-અમદાવાદ



**રૂપમ એમ. ધરમશી**
તા.૨૬ ઓક્ટો. (ઉ.૪૬)
સુથરી-ચિંચપોકલી



**વિજય ગોવિંદજી લોડાયા**
તા૨૫ ઓક્ટો. (ઉ.૪૫)
નલિયા-નલિયા



**રૂપલ ચેતન નાગડા (સોનાવાલા)**
તા.૨૪ ઓક્ટો. (ઉ.૫૫)
નલિયા-મુલુંડ (પ.)



**પલ્લવી એચ. નાગડા**
તા.૨૮ ઓક્ટો. (ઉ.૪૦)
નલિયા-બુરહાનપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**